**AMC Medical Education Trust**
Office of AMC MET, Smt. NHL Municipal Medical College,
Ellisbridge,Ahmedabad - 380006

સરકયુલર નં.૧૫ તા.૨૨.૦૧.૨૦૨૦

વિષય:- એ.એમ.સી.મેટમાં વર્ગ ૧ થી ૪માં ફરજ બજાવતાં, નવી નિમણૂક પામેલ તેમજ બઢતીથી નિમાયેલ અધિકારીઓ,તબીબી શિક્ષકો તથા તમામ કર્મચારીઓને તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થાવર તથા જંગમ મિલ્કતોની માહિતી મોકલી આપવા બાબત

**સંદર્ભ :- અ.મ્યુ.કોર્પો. સરકયુલર નં.૭૧ તા.૧૦.૦૧.૨૦૨૦**

આથી એ.એમ.સી.મેટ સંચાલીત તમામ કોલેજો તથા તેને સંલગ્ન હોસ્પિટલના ડીનશ્રીઓ,મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીઓ,તબીબી શિક્ષકો,અધિકારીઓને જણાવવાનું કે એ.એમ.સી.મેટના કર્મચારીઓએ તેમની પ્રથમ નિમણૂક સમયે તેમજ અથવા ખાસ હુકમથી જણાવવામાં આવે તે સમયે નિયત કરેલ નમુનામાં તેમની તમામ સ્થાવર તથા જંગમ મિલકતોની માહીતી ભરીને મોકલવી ફરજીયાત છે.જે અંગે ઓફીસ દ્વારા વખતો વખત પરીપત્રો કરવામાં આવેલ છે.તે અનુસાર જે તે વર્ષના ૩૧ ડીસેમ્બરના રોજની સ્થાવર જંગમ મિલ્કતની માહીતી દર્શાવતું પ્રોપર્ટી રેટર્નનું ડેકલેરેશન ફોર્મ ભરીને પછીના વર્ષની ૩૧મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપવાનું ફરજીયાત છે.

આથી એ.એમ.સી.મેટ સંચાલીત તમામ કોલેજો તથા તેને સંલગ્ન હોસ્પિટલમાં ફરજ બજાવતા તથા નવી નિમણૂક પામેલ તમામ વર્ગ ૧ થી૪ ના અધિકારીશ્રી/ તબીબી શિક્ષકશ્રી/કર્મચારીશ્રીઓએ તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થાવર તથા જંગમ મિલકતોની માહીતી ભરીને પ્રોપટી રીર્ટનનું ડેકલેરેશન ફોર્મ એ.એમ.સી.મેટની વેબ સાઇટ www.amcmet.org/About us/Forms ઉપરથી ડાઉનલોડ કરી મેળવવાનું રહેશે અથવા જે તે કોલેજની વહીવટી ઓફિસમાંથી મેળવી લેવાનું રહેશે. સંપૂર્ણ વિગત સાથે ભરેલું પ્રોપટી રીટર્નનું ફોર્મ વર્ગ ૧ થી ૩ ના અધિકારીશ્રી/ તબીબી શિક્ષકશ્રી/કર્મચારીશ્રીઓએ તા.૨૮.૦૨.૨૦૨૦ સુધીમાં તથા વર્ગ ૪ના કર્મચારીશ્રીઓએ તા.૩૧.૦૩.૨૦૨૦ સુધીમાં એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટની ઓફિસે મોકલી આપવાનું રહેશે તેમજ તેની એક નકલ તેઓ જે ખાતે થી પગાર મેળવતાં હોય જયાં કર્મચારીની સર્વિસબુક નિભાવવામાં આવતી હોય ત્યાં બીલ કલાર્કએ સર્વિસબુકમા રાખવાની રહેશે.

આ સરકયુલર ની નોંધ તમામ સંબધિત અધિકારીશ્રી/ તબીબી શિક્ષકશ્રી/કર્મચારીશ્રીઓને લેવડાવવા તેમજ નોટીસબોર્ડ ઉપર પસિદ્ર કરવાની રહેશે.

સેક્રેટરી
એ.એમ.સી.મેટ